Wednesday
26.06.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
✱Volume :8 ✱ Issue No.336
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✱Managing Editor: Arjun Sondarva

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવની ગુણાત્મક અસર, ડ્રોપ આઉટ રેશિયો માઈનસ ૦.૦૩ ટકા થઈ ગયો

આરોગ્ય વિભાગની જન્મ નોંધણીની વિગતોને આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્રએ બાળકોને ટ્રેસ કરી શાળામાં નામાંકન કરાવ્યું

નર્મદા જિલ્લામાં પિયર અને સાસરૂ ધરાવતી મહિલાના બાળકોની વિગતો અન્ય જિલ્લા સાથે આપલે કરાઇ

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી ચલાવવામાં આવી રહેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ગુણાત્મક અસરો નર્મદા જિલ્લામાં જોવા મળી રહી છે. પ્રવેશ પાત્ર બાળકોનું શાળામાં સો ટકા નામાંકન થાય એવા હેતું શરૂ કરવામાં આવેલા શિક્ષણ ક્ષેત્રના આ મહત્વપૂર્ણ અભિયાનને પરિણામે નર્મદા જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો ગત્ત વર્ષે માઈનસ ૦.૦૩ ટકા થઈ ગયો છે. નર્મદા જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો માઈનસમાં જવા પાછળની સ્થાનિક જિલ્લા પ્રશાસનના પ્રયત્નોની માહિતી આપણા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નિશાંત દવેએ જણાવ્યું કે, શાળામાં પ્રવેશપાત્ર બાળકોની યાદી માટે આરોગ્ય વિભાગની મદદ લેવામાં આવી છે.

ગામમાં જન્મેલા બાળકોની ઉંમરના આધારે આ યાદી તૈયાર કરવામાં આવે છે અને તેના આધારે શાળામાં જે તે બાળકનું નામાંકન કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં પીયર ધરાવતી માતાઓના બાળકોની વિગતો તેમના સંબંધિત જિલ્લાને મોકલવામાં આવી છે અને તે જ રીતે નર્મદા જિલ્લામાં સાસરૂ ધરાવતી હોય પણ, તેમના બાળકોનો જન્મ બીજા જિલ્લા થયો હોય તેવા બાળકોની યાદી પ્રાપ્ત કરવામાં આવી છે. સામાન્ય સામાજિક રિવાજને કારણે મહિલા પોતાના પ્રથમ બાળકની પ્રસુતિ તેમના પિયરમાં કરાવતી હોય છે. આ કારણોસર આરોગ્ય વિભાગના ડેટાને આધારે બાળકોને ટ્રેસ કરવામાં આવ્યા છે અને તેમને પ્રવેશ આપવામાં આવ્યો છે.

નર્મદા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રાથમિક શાળાનો ડ્રોપ આઉટ રેશિયો ઉત્તરોઉત્તર ઘટી રહ્યો છે, તે હકીકત શિક્ષણ વિભાગના આંકડાઓ ઉપરથી ફલિત થાય છે.

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ, વર્ષ ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩ દરમિયાન ડ્રોપઆઉટર રેશિયાની સ્થિતિ જોઈએ તો અનુક્રમે ૧.૩૧ ટકા, ૧.૭૬ ટકા, ૦.૧૪ ટકા, ૦.૫૦ ટકા અને માઈનસ ૦.૦૩ ટકા થઈ છે. કન્યા કેળવણી અભિયાન માટે પ્રોત્સાહક બાબત એ પણ છે કે, નર્મદા જિલ્લામાં કન્યા ડ્રોપઆઉટ રેશિયો કુમારની સાપેક્ષે ઓછો છે. ઉક્ત વર્ષ દરમિયાનના કન્યા ડ્રોપઆઉટ રેશિયોનું અનુક્રમે પ્રમાણ જોઈએ તો ૧.૧૦ટકા, ૧.૪૩ટકા, માઈનસ ૦.૦૨ ટકા, ૧.૩૭ ટકા અને ૦.૩૬ ટકા છે. નર્મદા જિલ્લામાં તા. ૨૬થી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ૨૧માં ચરણમાં આંગણવાડીમાં ૨૮૧૪, બાલવાટિકામાં ૬૯૫૦, ધોરણ ૧માં ૮૦૮૮ અને ધોરણ ૯માં ૫૫૭૨ બાળકનો પ્રવેશ આપવામાં આવશે.

૨૫ જૂન ૧૯૭૫ કટોકટી નો કાળો દિવસ કોંગ્રેસ ની સતા લાલસા નું પરિણામ હતું: ભાજપા પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતાપાર્ટી દ્વારા તા. ૨૫ જૂન ને ભારત દેશ માં કોંગ્રેસ પક્ષે જાહેર કરેલી કટોકટી ને 'કાળો દિવસ 'તરીકે માનવામાં આવે છે જે અંતર્ગત આજરોજ ગાંધીનગર શહેર ભાજપા દ્વારા સેક્ટર ૧૨ ના આંબેડકર ભવન હોલ ખાતે ભાજપા પ્રદેશ ના મહામંત્રીઅને પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિ માં યોજાયો હતો. પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલે પોતાના વક્તવ્ય માં આક્રોશ સાથે જણાવ્યું હતું કે ૨૫ જૂન ૧૯૭૫ ના દિવસે શ્રીમતી ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસ પક્ષ ની સતા લાલસા, સતા ભૂખ અને ગાંધી પરિવાર એ માત્ર ભારત દેશ પર રાજ કરવા માટે જ બન્યું છે એવી વિકૃત માનસિકતા ને કારણે ભારત દેશ ની પ્રજા ને કટોકટી નો કાળો દિવસ અને સમય જોવાનો વારો આવ્યો હતો. આ કટોકટી નો કપરો કાળ ૨૫ જૂન ૧૯૭૫ થી ૨૧ માર્ચ દરમ્યાન ચાલ્યો તે દરમ્યાન સર્વ શ્રી મોરારજી દેસાઈ, અટલ બિહારી બાજપાઈ, અડવાણી, અશોક મેહતા જેવા મહાનુભાવો ને કટોકટી ના વિરોધ બદલ જેલ માં ધકેલી દેવામાં આવ્યા હતા. કોંગ્રેસ અને ઈન્દિરા ગાંધી એ કટોકટી અગાઉ ની ચૂંટણી માં કરેલી આચાર સંહિતાના ભંગ બદલ તેસમય ના સુપ્રીમ કોર્ટ ના જજ શ્રી સિન્હા એ કોંગ્રેસ અને ઈન્દિરા ગાંધી ની જીત ને અયોગ્ય અને આચાર સંહિતાનો ભંગ ગણી રદબાતલ ગણી હતી સુપ્રીમકોર્ટ ના આ નિર્ણય સામે રોષ માં આવી જઈ કોંગ્રેસે ૨૦ દિવસ નો સ્ટે લઈ તત્કાલીન રાષ્ટ્રપતિ ફકરુદિનઅલી અહમદ ને દબાણ પૂર્વક સહી લઈ કટોકટી જાહેર કરાવી. કોંગ્રેસનું નિયમ વિરુદ્ધ અને સતા લાલસા થી ભરેલું હીન કૃત્ય ને કારણે દેશની જનતાને કટોકટી નો કપરો કાળ જોવાનો વારો આવ્યો અને હજારોની સંખ્યામાં કટોકટી નો વિરોધ કરતી જનતા ને જેલ માં ધકેલીદઈ દેશની જનતા પર દમન ગુજાર્યું હતું એ કપરા કાળ ને યાદ કરીને ભાજપા દર વર્ષે કાળો દિવસ મનાવે છે. આ કાર્યક્રમ માં મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ડે. મેયર શ્રી નટુજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, પક્ષ ના નેતા અનિલસિંહ, દંડક શ્રી સેજલબેન પરમાર, પૂર્વ મેયર, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મહામંત્રીશ્રી ઓ, તમામ કોર્પોરેટર શ્રી ઓ, પક્ષ ના તમામ કાર્યકર્તાઓ એઆ કાર્યક્રમ માં ઉપસ્થિત રહી કટોકટી ના આ કાળા દિવસને યાદ કરી કોંગ્રેસ ની નીતિ રીતિ ને એકી અવાજે વખોડી કાઢ્યોહતો. કાર્યક્રમ માંસેક્ટર ૨ સ્વામિનારાયણ મંદિર નામહંત શ્રી સુરેશ શાસ્ત્રી સહિત અનેક સંતો ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી 'એન્ટી ડ્રગ કેમ્પઈન' અંતર્ગત પત્રકાર પરિષદનું આયોજન

રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાય, એટીએસના વડા દીપેન ભદ્રન તેમજ અમદાવાદ અને સુરત શહેર પોલીસ કમિશનરે પોલીસની કામગીરી વિશે પ્રેઝન્ટેશન આપ્યું

ડ્રગ્સના દુષણને નાબૂદ કરવા, જાગરૂકતા ફેલાવવા માટે મીડિયા મોટું માધ્યમ- રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષસંઘવીની ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી 'એન્ટીડ્રગ કેમ્પઈન' અંતર્ગત પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હર્ષ સંઘવીએ સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે અભિયાન નહિ જંગ છેડી છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રીતરીકે શપથ લીધા બાદ સૌથી પહેલા ડ્રગ્સના દુષણને ડામવા આરપારની લડાઈ લડવાગૃહ વિભાગને નિર્દેશ આપ્યા હતા. શ્રીહર્ષ સંઘવીએ હાકલ કરી કે, સંતો-મહંતો નેતાઓ-અભિનેતાઓ, સામાજિક અગ્રણીઓ, શિક્ષણવિદો, પત્રકારો સહિત તમામ નાગરિકોએ 'એક પરિવાર' બનીને ગુજરાતના યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલથી દૂર રાખવા સહયોગ આપે. ડ્રગ્સ સામેની આ લડાઈ દાનવ સામે માનવની લડાઈ છે. એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ડ્રગ્સસામે ઘૂંટણીયા ટેકવીને વિશ્વના અનેક દેશોએતેને કાયદેસર કર્યું છે. ભારતના પાડોશી દેશો પણ ભારતમાં ડ્રગ્સ ઘુસાડવા અને નાર્કોટેરેરીઝમને પ્રોત્સાહન આપવા પ્રયાસ કરીરહ્યા છે.

કેફી દ્રવ્યોનો વેપાર ઓછી મહેનત અને ઓછા સમયમાં અને કગણા વધુ રૂપિયા કમાવી આપતો વેપાર છે. પરંતુ ગુજરાત પોલીસ આ કારોબારને જડમૂળથી ઉખાડી ફેંકવા તત્પર છે. જેના પરિણામે ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસ દેશમાં અવ્વલ છે. આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસીની ગુજરાતમાં અમલવારી થઈ રહી છે. આજના અવસરે રાજ્યપોલીસ વડા શ્રીવિકાસ સહાયે જણાવ્યું હતું કે, નાર્કોટિક્સએકટ અંગેજે પગલાં લેવાઈ રહ્યા છે તેની જાણકારી મીડિયાના માધ્યમથી નાગરિકો સુધી પહોંચે અને જાગૃતતા વધે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા કેફી દ્રવ્યોના દુષણને ડામવા કટિબદ્ધ છે. જેની પ્રતીતિ મીડિયાના માધ્યમથી લોકોને થવી જોઈએ. આજે મીડિયાનું મહત્વ વધ્યું છે ત્યારે કેફી દ્રવ્યો સામેની લડાઈમાં લોક સહયોગ મળે તે જરૂરી છે. સાથોસાથ કેફી દ્રવ્યોના દુષણને ડામવા માટે ગ્લોબલ ટ્રેન્ડ પણ ધ્યાનમાં રખાયો છે. આ ઉપરાંત ડ્રગ્સના વિવિધ પ્રકારો, ડ્રગ્સ સપ્લાય ચેઈન, વિવિધ દેશોમાં નેટવર્ક તેમજ ભારતના બંધારણના ડ્રગ્સ વિરોધી કાયદાઓ વિષયક માહિતીસભર પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ ઉપરાંત આજના પ્રસંગે ગુજરાત એટીએસના વડાશ્રી દીપેન ભદ્રન તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક અને સુરત શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહેલોતે પ્રેઝન્ટેશન આપી પોલીસની ડ્રગ્સ વિરોધી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. આજના કાર્યક્રમમાં પોલીસ મહાનિદેશક- લૉ અને ઓર્ડર ડૉ. શ્રી શમશેરસિંહ, અધિક પોલીસ મહાનિદેશક (ઈન્ટેલિજન્સ) શ્રી આર. બી. બ્રહ્મભટ્ટ, અધિક પોલીસ મહાનિદેશક સીઆઈડી ક્રાઈમ અને રેલવે શ્રી રાજકુમાર પાંડિયન તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકરીશ્રીઓ અને વિવિધ સમાચાર માધ્યમોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

શ્રી હર્ષ સંઘવી

- **ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે અભિયાન નહિ જંગ છેડી છે**
- **અભિનેતાઓ, નેતાઓ, સંતો-મહંતો, સામાજિક અગ્રણીઓ, શિક્ષણવિદો, પત્રકારો સહિત તમામ નાગરિકોએ 'એક પરિવાર' બનીને ડ્રગ્સ સામે લડીએ**
- **ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસ દેશમાં અવ્વલ**

તંત્રી સ્થાનેથી......

આગામી તા. ૨૬,૨૭,૨૮ જુનના ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવની ઉજવણીને અનુલક્ષી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી મીટીંગઅંતર્ગતઅન્ય જિલ્લાઓની જેમ જૂનાગઢ જિલ્લાના અધિકારીઓ વર્ચુઅલી જોડાયા હતા. જૂનાગઢ જિલ્લા કલેક્ટક કચેરી ખાતે વર્ચ્યુલ મિટિંગનુંઆયોજન કરાયુંહતું. તમામ અધિકારીશ્રીઓને શાળાપ્રવેશોત્સવ માર્ગદર્શનઆપ્યું હતું તેમજ વધારેમાં વધારે બાળકો-વાલીઓ જોડાય તેવોઅનુરોધ કર્યો હતો. તેમજ તમામ અધિકારીઓ તેમજ શિક્ષકોની મહેમતને કારણે બાળકોનો ડ્રોપ આઉટ રેશીયો ઘટ્યો છે, અને ભાર વિનાનાં ભણતરને કારણે બાળકો શિક્ષણ પ્રત્યે વધારે જાગૃત થયા છે તેમ જણાવ્યું હતું. આ મીટીંગબાદ જુનાગઢ જિલ્લામાં શાળા પ્રવેશોની સફળતાપૂર્વક ઉજવણી થાય અને એક પણ બાળક જે પ્રવેશપાત્ર હોય તે પ્રવેશથી વંચિત ન રહી જાય અને સો ટકા નામાંકન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું. જૂનાગઢજિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ શાળા પ્રવોશોત્સવ સંલગ્ન અધિકારીઓને શાળાની સાફ-સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રવેશ પાત્રબાળકોનીયાદી તૈયાર કરવી, વૃક્ષારોપણ કાર્યક્રમતેમજ વાલીઓના ફિડબેક લેવાઅંગે અવગત કર્યા હતાં. જૂનાગઢ જિલ્લાપંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર દ્વારાશાળાના શિક્ષકો અને વાલીઓવચ્ચે સેતુ બંધાય તેમજ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રિપોર્ટ વાલીઓને નિયમીત રીતે મોકલવાઅને શિક્ષણનીસાથે સાથેસ્વાસ્થ્ય સબંધીતપણ જાણકારી રાખે તેમ જણાવવામાં આવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, અધિક નિવાસી કલેક્ટર એન.એફ.ચૌધરી, પોલીસઅધિક્ષક હર્ષદમહેતા, જિલ્લાવિકાસઅધિકારી નિતીન સાંગવાન, જૂનાગઢ જિલ્લા પંચાયતપ્રમુખ હરેશભાઈઠુંમર, મ્યું. કમિશ્નર ઓમપ્રકાશ સહિતની અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

ડાંગ જિલ્લાની પીસી એન્ડ પીએનડીટી એકટ એડ્વાઈઝરી કમિટીની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,આહવા

PC & PNDT Act - 1994 અંતર્ગત તારીખ ૨૪/૬/૨૦૨૪ ના રોજ ડિસ્ટ્રીક્ટ એડવાઈઝરી કમિટીના અધ્યક્ષ શ્રીમતી સુનિતાબેન બાગુલના અધ્યક્ષ સ્થાને 'ડિસ્ટ્રીક્ટ એડવાઈઝરી કમિટી'ની બેઠક યોજવામા આવીહતી. આ બેઠકમાં જિલ્લામાંઆવેલ હોસ્પિટલોના રજીસ્ટ્રેશન, હોસ્પિટલના સ્થળ બદલીતથા તબીબોને સોનોગ્રાફી મશીનના ઉપયોગ કરવા માટે મળેલી અરજીઓની વિગતો મેળવી, આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની તપાસણી અંગેની ચર્ચા કરીવામાં આવી. પીસી એન્ડ પીએનડીટી એક્ટના અમલીકરણ તેમજ જિલ્લાના જાતિપ્રમાણદર બાબતે સમીક્ષા કરી, જિલ્લામાં નોંધાયેલ તમામ ડોક્ટરોને પીસીએન્ડ પીએનડીટીએક્ટ હેઠળ થયેલ જોગવાઈઓ, નિયમોના ચુસ્તપણે અમલીકરણ કરવા જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી અને અધિક જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રી ડો.હિંમાશું ગામીતદ્વારા સૂચનો કરવામાં આવ્યાહતા. જિલ્લા એડવાઈઝરીકમિટીની આ બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.અનુરાધા ગામીત, ડો. નિલકેતુ પટેલ, ઈ.ચા.તાલુકા આરોગ્ય અધિકારી-સુબીર, ડો.દિલિપ ચૌધરી બાળરોગ નિષ્ણાત, સિવીલ હોસ્પિટલ, આહવા, ડો.ધારા પટેલ સ્ત્રીરોગ નિષ્ણાત સિવીલ હોસ્પિટલ, આહવા, ડો.એ.જી.પટેલ IMA, ચેરમેનશ્રી, શ્રી હસમુખભાઈ વણકર P.S., આગાખાન સંસ્થા આહવા, પટેલ ઉમાકાન્ત S, PC &PNDT Act, પ્રોગ્રામ આસીસ્ટંટ, આરોગ્ય શાખાના સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દીકરીઓ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે અગ્રેસર થાય : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

સાર્વદેશિક આર્ય વીરાંગના દળની રાષ્ટ્રીય શિબિરના સમાપન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ : નવ રાજ્યોની ૪૦૦ આર્ય વીરાંગનાઓએ ભાગ લીધો

ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રથમ ૧૦૦ ક્રમાંકમાં ૮૦ દીકરીઓ હોય છે : દરેક ક્ષેત્રોમાં દીકરીઓએ નવા કીર્તિમાન સ્થાપ્યા છે

કમલમ્ ન્યુઝ,

દીકરીઓ ઘરના વાતાવરણને સંસ્કારિત કરીને પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે અગ્રેસર થાય. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પુરુષોની સરખામણીએ માતાઓ-બહેનો-દીકરીઓ વિશેષ જવાબદારી, મનોયોગ અને આત્મીયતાથી પોતાની ફરજ નિભાવે છે. ભારત દેશ આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર છે ત્યારે નૈતિક મૂલ્યોના જતન અને સંવર્ધન માટે દીકરીઓ આગળ આવે. સાર્વદેશિક આર્ય વીરાંગના દળની રાષ્ટ્રીય શિબિર હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્રમાં યોજાઈ હતી. દસ દિવસીય શિબિરમાં હરિયાણા ઉપરાંત પંજાબ, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, તામિલનાડુ અને છત્તીસગઢ સહિત નવ રાજ્યોની ૪૦૦ આર્ય વીરાંગનાઓએ ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય શિબીરના સમાપન સમારોહમાં રાજભવન-ગાંધીનગરથીવર્ચ્યુઅલી જોડાયેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સાંપ્રત વાતાવરણમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ચિંતન અને આર્ય સમાજની વિચારસરણીનીપ્રબળ આવશ્યકતા છે. આર્ય વીરાંગના દળની દીકરીઓને તેમણે દેશની યુવા પેઢીના નિર્માણમાં, સામાજિક જાગૃતિમાંસક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યોહતો. એક સમય એવો હતોકે બહેન-દીકરીઓ-માતાઓને યજ્ઞ-વેદાભ્યાસનો પણ અધિકાર ન હતો. પરંતુસમાજ સુધારક મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવા મહાપુરુષોના પ્રયાસોથી પરિસ્થિતિ બદલાઈ છે. આજે તો ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યુંહતું કે, આજે એક પણ ક્ષેત્ર એવું નથી જ્યાં બહેન-દીકરીઓએ નવા કીર્તિમાન પ્રસ્થાપિતન કર્યાહોય. ગુજરાતની યુનિવર્સિટીઓમાં દીક્ષાંત સમારોહમાં હું જોઉં છું કે, પ્રથમ ૧૦૦ ક્રમાંકમાં ૮૦ દીકરીઓ હોય છે. તેમણેદીકરીઓને મનથી મક્કમ અને તનથી સક્ષમ બનવા આહ્વાન કર્યું હતું. સાર્વદેશિક આર્ય વીરાંગનાદળની રાષ્ટ્રીય શિબિર દરમિયાન મળેલા શિક્ષણ અને પ્રશિક્ષણને જીવનની પૂંજી બનાવવાની પ્રેરણા આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતીય મૂલ્યોઅને વેદોમાં વિશ્વ કલ્યાણનું ચિંતન છે. શિબિરમાંથી સાંપડેલા વિચારોનો વિસ્તાર કરીને સમાજને જોડવામાં, રાષ્ટ્રની એકતામાં દીકરીઓ યોગદાન આપે. તેમણે સંસ્કાર સિંચન માટેની આ શિબિરમાં ભાગ લેવાબદલ દીકરીઓનેઅને તેમના માતા-પિતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે આયોજિત આ શિબિરમાં સાર્વદેશિક આર્ય વીરદળ ન્યાસના અધ્યક્ષ સ્વામી ડૉ. દેવવ્રત સરસ્વતીજીના માર્ગદર્શનમાં અનુભવી પ્રશિક્ષકો દ્વારા આર્ય વીરાંગનાઓને શારીરિક, બૌદ્ધિક શિક્ષણની સાથોસાથ આત્મરક્ષાનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યુ હતું. વીરાંગનાઓને વ્યાયામ, આસન, પ્રાણાયામ, ષટ્કર્મ, ધ્યાન, સંધ્યા અને યજ્ઞ ઉપરાંત સૈનિક શિક્ષા તથા પ્રાથમિક ચિકિત્સાની પણ તાલીમ આપવામાંઆવી હતી. સમાપન સમારોહમાં સાર્વદેશિક આર્ય વિરાંગના દળના પ્રધાન સંચાલિકા શ્રીમતીવ્રતિકા આર્યાએ સ્વાગતઉદબોધન કર્યુંહતું. અંતમાં સ્વામી ડૉ. દેવવ્રત સરસ્વતીજીએ આભાર વિધિકરી હતી.

રાજયના મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સચિવશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ જિલ્લાની પ્રાથમિક શાળાઓમા બાળકોનેશાળા પ્રવેશોત્સવ કરાવશે

કમલમ્ન્યુઝ,અમરનાથજગતાપ

'સૌ ભણે, સૌ આગળ વધે' એવા ઉમદા આશયથીરાજ્ય સરકારદ્વારા, તારીખ ૨૬ થી ૨૮ જૂન દરમિયાન રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનુ આયોજન કરાયું છે. શાળા પ્રવેશોત્સવના આ ૨૧મા તબ્બકામા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત વિવિધ કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સચિવશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, રાજ્યની પ્રાથમિક શાળાઓમા બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવશે. તારીખ ૨૬ ના રોજ ડાંગ જિલ્લાના એસ્પિરેશનલ બ્લોક સુબીર તાલુકાના અંતરીયાળ સરહદી વિસ્તારની બિલીઆંબા પ્રાથમિક શાળા ખાતે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલઆંગણવાડી અને પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવનાર નવાગંતુક બાળકોને શાળાપ્રવેશ કરાવશે. મુખ્યમંત્રીશ્રીના આ શાળા પ્રવેશોત્સવકાર્યક્રમ પ્રસંગેવિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ તેમજ સ્થાનિક વહિવટી તંત્રના અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જીગ્નેશભાઈ ત્રીવેદીતરફથી પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રથમ દિવસે બીલીઆંબા પ્રાથમિક શાળાની મુલાકાત લેશે. આ સાથે જ ડો.એસ મુરલીક્રિષ્ના-પ્રિન્સિપાલ સેક્રેટરી ટુ ગવર્મેન્ટ, ટ્રાઈબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ-ગાંધીનગર, શ્રી જય પ્રકાશ શિવહરે-મેનેજીંગ ડાયરેકટર, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ગાંધીનગર, શ્રી આઈ.ડી.ચૌધરી-ડેપ્યુટી સેક્રેટરી, નાણાંવિભાગ, સચિવાલય-ગાંધીનગર, શ્રી એ.એન.બીહોલા જોઈન્ટ સેક્રેટરી, ગૃહ વિભાગ સચિવાલય-ગાંધીનગર, શ્રી ભાવિન ડી.પટેલ ડેપ્યુટી સેક્રેટરી, મહેસુલ વિભાગ સચિવાલય, શ્રી એ.કે.ઉપાધ્યાય ડેપ્યુટી સેક્રેટરી, મહેસુલ વિભાગ સચિવાલય, શ્રી એમ.એમ.પટેલ, અધિક સ્ટેટપ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા-ગાંધીનગર તેમજ ડાંગ જિલ્લા-તાલુકાના સ્થાનિક પદાધિકારીશ્રીઓ સાથે જિલ્લા વહિવટી તંત્રના વર્ગ ૧-૨ નાં અધિકારીશ્રીઓ જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં ફરીનેબાલવાટિકામાં કુલ-૫૦૯૭, ધોરણ-૧ માં કુલ-૧૫૨, ધોરણ-૯ માં કુલ-૫૦૨૬ અને ધોરણ-૧૧ માં કુલ-૪૦૯૩ મળીને જિલ્લાના ૧૪,૩૬૭ ભુલકાઓ, વિદ્યાર્થીઓપ્રવેશ કરાવશે. શાળા પ્રવેશોત્સવમાં આગામી તારીખ ૨૬ થી ૨૮ દરમિયાન રાજ્ય કક્ષાના ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ વિગેરે જિલ્લામાં નિયત કરેલ કુલ૪૯ રૂટઉપર ફરીને નવાગતુંક બાળકોને શાળા પ્રવેશ કરાવી, તેમને પ્રોત્સાહિત કરવા સાથે પ્રજાજનોમાં વ્યાપક લોક્ચેતના જગાવશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૨-૦૩મા શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરવામા આવીહતી. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પાછલા બે દાયકાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યા કેળવણીની સંકલ્પનાસાકાર કરવાશાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવેછે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ મંત્રીશ્રીઓ અને અધિકારીઓની ઉપસ્થિતીથી રાજયના વાલીઓમા પણ શિક્ષણ બાબતે જાગૃકતા આવી છે.

ધારાસભ્યશ્રી મહેશ કસવાલા સાવરકુંડલાની કાયા કલ્પ માટે કટીબધ્ધ કુંડલાની નાવલી માં ૨૫કરોડના રિવરફ્રન્ટ માટે ટેન્ડરની પ્રક્રીયાની મંજૂરી મળી

કેવડાપરા બ્રીજ થી અમરેલી રોડ સરકારી અનાજના ગોડાઉન સુધી ત્રણ કિલોમીટરમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો ડ્રીમ પ્રોજેક્ટ નાવલી નદી પર બનશે સુંદરમજાનો રિવરફ્રન્ટ

લોકોના પ્રશ્નો માટે સતત જાગૃત અને જોઇશુ, વિચારીશું જેવા શબ્દો જેની ડિકશનરીમાં નથી આવતા તેવા ધારાસભ્યશ્રી કસવાલા ઉપર અભિનંદનની વર્ષા જનતા કરી રહી છે.

કમલમ્ ન્યુઝ,

સાવરકુંડલાની જનતાજેની રાહ જોઈ રહ્યા હતા તે નાવલી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ ના કામ માટે રાજ્ય સરકાર ૨૫ કરોડના ખર્ચે ૨૪ મહિનાના સમયમાં રીવર ફ્રન્ટ બનાવવાની સરકારે મંજૂરી આપેલ આ રિવરફ્રન્ટ માટે લોકોના પ્રશ્નો માટે સતત જાગૃત અને જોઈશું અને વિચારીશું જેવા શબ્દો જેની ડીક્ષનરીમાં નથી તેવા સાવરકુંડલાની સતત ચિંતા કરી રહેલા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની મહેનત આખરે રંગ લાવી, આ પ્રોજેક્ટ રિવરફ્રન્ટની ટેન્ડરીંગ પ્રક્રિયાની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા અપાતા સાવરકુંડલા હર્ષની લાગણીઅનુભવે છે તેમજ સાવરકુંડલાનગરપાલીકા પ્રમુખશ્રી મેહુલભાઈ, ઉપપ્રમુખશ્રી પ્રતિકભાઈ નાકરાણી, કા.ચેરમેનશ્રીઅશોકભાઈ ચૈહાણ તેમજ નગરપાલિકાના તમામ સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, જીલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, શહેર ભાજપ ટીમ, તાલુકા ભાજપ ટીમ તેમજ સાવરકુંડલા શહેરીજનો ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાને અભિનંદન પાઠવી રહયા છે.

શિક્ષણ મંત્રાલયે તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થાઓ (ToFEI) પર રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું

કમલમ્ ન્યુઝ,

તમાકુનો ઉપયોગએ ભારતમાંઅટકાવી શકાય તેવા મૃત્યુ અને રોગોના મુખ્ય કારણોમાંનું એક છે અને દેશમાં દર વર્ષે આશરે ૧.૩૫ મિલિયન મૃત્યુ માટે જવાબદાર છે. ભારતતમાકુનોબીજો સૈાથી મોટો ઉપભોક્તા અને ઉત્પાદક દેશપણ છે. ગ્લોબલ યુથ ટોબેકો સર્વે (જીવાયટીએસ) ૨૦૧૯અનુસાર, ૧૩ થી ૧૫ વર્ષની વયજૂથના ૮.૫ ટકા શાળાના વિદ્યાર્થીઓ દેશભરમાં વિવિધ સ્વરૂપોમાં તમાકુનું સેવન કરે છે. આપણી શાળાની ઈમારતો અને કેમ્પસની આસપાસ તેનાવિવિધ સ્વરૂપોમાં તમાકુના ઉત્પાદનોની સરળ સુલભતા ઉપરોક્ત પરિસ્થિતિનું કારણ બનેલા મુખ્ય પરિબળોમાંનું એક હોવાનુ માનવામાં આવે છે. નેશનલ ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ (એનટીસીપી)ના ભાગરૂપે ભારતસરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સગીરોઅને યુવાનોને તમાકુના સેવનથી બચાવવા માટે તમાકુમુક્ત શૈક્ષણિક સંસ્થા (ToFEI) માર્ગદર્શિકા જારી કરી છે. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલયે શાળાઓ માટે "ToFEI અમલીકરણ માર્ગદર્શિકા" વિકસાવી છે અને તેને ૩૧મી મે, ૨૦૨૪ ના રોજ મનાવવામાં આવેલ વિશ્વ તમાકુ નિષેધ દિવસ (WNTD) પર લોન્ચ કરી છે. ઉદેશ્ય દેશભરની શૈક્ષણિક સંસ્થાઓને એકંદરે શૈક્ષણિક સંસ્થાઓ બનાવવાનો છે. ToFEI દિશાનિર્દેશોનું પાલન કરો અને #Tobacco Free Area બનો તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાઓમાટેના મિશનને આગળ વધારતા, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવે શાળાઓ અને નજીકના વિસ્તારોમાં નીચેની સૂચક પ્રવૃત્તિઓ હાથ ધરીને યોગ્ય રીતે ટોબેકો ફ્રી એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ (ToFEI)ની માર્ગદર્શિકાનું પાલન કરવા માટે તમામ રાજ્યો/કેન્દ્રશાસિતપ્રદેશોને એક વિસ્તૃતસલાહ જારી કરી છે.

- શૈક્ષણિક સંસ્થાના પરિસરનીઅંદર નિયુક્ત વ્યક્તિની માહિતી સાથે 'તમાકુ મુકત વિસ્તાર' સાઈનેજ દર્શાવો.
- શૈક્ષણિક સંસ્થાની પ્રવેશ/બાઉન્ડ્રી વોલ પર નિયત વ્યક્તિની માહિતીસાથે "તમાકુ મુક્ત શિક્ષણ સંસ્થા"ના સંકેતો દર્શાવો.
- સિગારેટ/બીડીના બટ્સ અથવાફેંકી દેવાયેલા ગુટકા/તમાકુના પાઉચ, થૂંકવાના ડાઘા જેવા તમાકુના સેવનના કોઈ પુરાવા ન હોવા જોઈએ.
- શૈક્ષણિક સંસ્થાઓના પરિસરમાં તમાકુના નુકસાન અંગે પોસ્ટર અને અન્ય જાગૃતિ સામગ્રીનું પ્રદર્શન.
- શૈક્ષણિક સંસ્થાઓમાંદર ૬ મહિને ઓછામાં ઓછી એક તમાકુ નિયંત્રણપ્રવૃત્તિનું આયોજન કરવું.
- 'ટોબેકો મોનિટર્સ' નું નામાંકન અને તેમના નામ, હોદ્દો અને સંપર્ક નંબર નો સાઈનેજ પર ઉલ્લેખ કરવાનો છે.
- શૈક્ષણિક સંસ્થાઓની આચારસંહિતામાં "તમાકુનો ઉપયોગ નહીં" માર્ગદર્શિકાનો સમાવેશ.
- શૈક્ષણિક સંસ્થાનીબાઉન્ડ્રી વોલ/વાડની બાહ્ય મર્યાદાથી ૧૦૦ યાર્ડના વિસ્તારનું ચિહ્નિત કરવું.
- શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ યાર્ડની અંદરની દુકાનોમાં કોઈપણ પ્રકારની તમાકુની પેદાશોનું વેચાણ થશે નહીં.
- ટોએફઈઆઈના અમલીકરણ મેન્યુઅલના પરિશિષ્ટ-III મુજબ તમાકુના ઉપયોગ સામે પ્રતિજ્ઞા લો.

વધુમાં, તેમણે શેરી નાટકો, વિડિયો ફિલ્મો, એનજીઓ દ્વારા વાર્તાલાપ, સંસાધન વ્યક્તિઓ વગેરે દ્વારા વ્યસન મુક્તિ અંગે જાગૃતિ સંદેશ ફેલાવવામાં નાગરિક સમાજની ભૂમિકા પર પણ ભાર મૂક્યો હતો. તે મુજબ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠકોના માર્ગો, રાષ્ટ્રીય સમાજ સેવાઅને વિદ્યાંજલિ-શાળાસ્વયંસેવક પહેલ, સંસાધન વ્યક્તિઓ, એનજીઓ આ ક્ષેત્રમાં કાર્યરત એનજીઓ તમાકુ નિવારણ અને તેના સેવન અંગે જાગૃતિ ફેલાવવામાટે વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતાપિતા અને શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતા સ્ટાફ સહિત તમામ હિસ્સેદારોને આવરી લઈને ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી હતી.

કોંગ્રેસ દ્વારા દેશ પર લદાયેલ કટોકટીની ઘટના ભારતીય રાજનીતિના ઈતિહાસની કાળી ટીલી સમાન ગણાય છે : ઉદય કાનગડ

કટોકટીના દિવસોમાં નરેન્દ્રભાઈ મોદી સહિત સંઘના પ્રચારકોએ ઈન્દિરા ગાંધીની સરકારના અત્યાચારો વિરૂધ્ધ ઘણાં આંદોલનોમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી : ઉદય કાનગડ

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા—૬૮,રાજકોટ(પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડએ તા.૨૫ જૂન કટોકટી દિવસઅંતર્ગત કટોકટી કાળને યાદ કરતા જણાવેલ કેતા.૨૫ જૂન ૧૯૭૫ના રોજ કોંગ્રેસ ધ્વારા દેશભરમાં કટોકટી લાદી લોકશાહીના મુલ્યોને ખતમ કરવામાં આવ્યા, અખબારો પર સેન્સરશીપ લાદવામાં આવી અને દેશભરમાંથી અનેક કાર્યકર્તાઓને કટોકટી હેઠળ જેલમાં ધકેલવામાં આવ્યા હતા. તા.૨૫—જૂનનો દિવસ સ્વતંત્ર અને આધુનિક ભારતના ઈતિહાસમાં સૌથી કાળા અનેક કલંકિત દિવસતરીકે નોંધાયોછે. કેમકે આજ દિવસે લોકશાહીની હત્યા કરી દેવામાંઆવી હતી. કેન્દ્રનીતત્કાલીન કોંગ્રેસસરકારના વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ ૨૫ જૂન—૧૯૭૫ની મધરાતે દેશમાં કટોકટી જાહેર કરી અને દેશની તમામ સતા પોતાના હાથમાં લઈ લીધી હતી. તત્કાલીન રાષ્ટ્રપતી ફખરૂદીન અલી અહમદે ઈન્દીરાગાંધીના નેતૃત્વવાળી સરકારની ભલામણો પર ભારતીય બંધારણની કલમ ઉપરઅંતર્ગત દેશભરમાં કટોકટીની જાહેરાત કરી હતી. આ ઘટના ભારતીય રાજનીતિના ઈતિહાસના કાળા અધ્યાય સમાન ગણાય છે. ત્યારે દેશભરમાં લાગેલી કટોકટી કાળથી આજની પેઢીને અવગત કરતા ઉદય કાનગડએ જણાવેલ કે કટોકટી કાળમાં નાગરિકોના મૌલિક અધિકારો છીનવાઈ ગયા તો બીજી તરફ રાત્રેથી જ વિપક્ષી નેતાઓની ધરપકડ શરૂ થઈ. જયપ્રકાશ નારાયણ, અટલબિહારી બાજપાઈ, લાલકૃષ્ણ અડવાણી, જયોર્જ ફર્નાન્ડિઝ સહિતના અનેક નેતાઓને જેલમાં નાંખી દેવામાં આવ્યા. શાળા—કોલેજ જતા વિદ્યાર્થીઓને પણ છોડવામાં આવ્યા ન હતા. સ્વતંત્ર ભારતના વિવાદાસ્પદ કાયદા પૈકીના એક મીસા કાયદાનો આ દરમિયાન ઘણો દુરપયોગ કરવામાં આવ્યો. કોંગ્રેસવિરોધીઓ, પત્રકારો અને સામાજિક કાર્યકર્તાઓને જેલમાં નાંખી દેવામાં આવતા અને દિવસો સુધી એફ.આઈ.આર. કે કાયદાકીય કાર્યવાહી કર્યાવગર બેસાડી રાખવામાં આવતા દેશના જેટલામોટા વિપક્ષીનેતાઓ હતાએ તમામ જેલમાં હતા. કેદીઓ પર અમાનુષી, બર્બરતાપૂર્ણ, અમાનવીય અત્યાચાર કરવામાં આવ્યા. કટોકટી દરમિયાન જ પ્રેસ સેન્સરશિપ લાગુ કરવામાં આવી.તે રાત્રે જ ઘણાંખરાંઅખબારો ઓફિસની વીજળી કાપી દેવામાં આવી હતી, જેના કારણે છાપાં છપાયા જ હતાં. ત્યારબાદ તેઓ સરકાર વિરૂધ્ધ કશું લખી શકતા નહી અને દરેક અખબારની ઓફિસમાં સરકારના અધિકારીઓમૂકવામાં આવતા, જેઓ મંજૂરી આપે ત્યારબાદ જ સમાચાર પ્રકાશિત થઈ શકતા. જો કોઈ સરકાર વિરુધ્ધ લખવાની ગુસ્તાખી કરે તો તેણે કાર્યવાહીનો સામનો કરવો પડતો હતો. કોઈપણ માધ્યમથી સરકાર પર કટાક્ષ થઈ શકતો નહી. ત્યારે આ જ સમય દરમિયાન બંધારણમાં પ્રાપ્ત કટોકટીની શકિતઓનોછડેચોક દુરૂપયોગ કરવામાં આવ્યો. કટોકટી લાગુ કર્યા પછી કોંગ્રેસને અહેસાસ થયો હતો કે સંઘમાં કોંગ્રેસના અન્યાય સામે આંગળી ઉઠાવવાનું બળ અને ક્ષમતા છે એટલે કોંગ્રેસ સરકારે કાયરતાપૂર્ણ પગલું ભરીને સંઘપર પ્રતિબંધ મૂકવાનો નર્ણયિ લીધો હતો. આ તમામ પ્રવૃતિઓચાલી રહી હતી ત્યારે સંઘના એક પ્રચારકે દેશમાંલોકશાહી વ્યવસ્થા સ્થાપિત કરવા માટે રાતદિવસએક કરવાનો નર્ણયિ લીધો હતો અને આ માટે પોતાના જીવને જોખમમાં મૂકવાનીપણ તૈયારીદાખવી હતી. તે કોઈ બીજા નહી પણ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીનરેન્દ્રભાઈ મોદીહતા. સંઘના અન્ય પ્રચારકોની જેમ નરેન્દ્રભાઈને પણ આંદોલતો, સંમેલનો, બેઠકો, સાહિત્યનું વિતરણ વગેરે વ્યવસ્થા માટે જવાબદારી સુપ્રત કરવામાંઆવી હતી. જયારે પોલીસને સંઘની પ્રવૃતિઓવિરૂધ્ધ કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી ત્યારે નરેન્દ્રભાઈએ ભૂગર્ભપ્રવૃતિઓનું આયોજન કર્યુ હતું.આ સમયે ગુપ્તબેઠકો મણિનગરમાં યોજવામાં આવી હતી અને નરેન્દ્રભાઈએ આ કામને બહુ સરસ રીતે કર્યુ હતું. નરેન્દ્રભાઈ મોદીએ પ્રચારકો માટે નાણાકીય સહાયની વ્યવસ્થા કરવાની સાથે અન્ય દેશોમાં રહેતા ભારતીયો સુધી કટોકટીના અત્યાચારોની સાચી અને ખરી માહિતી પહોંચે તેવી સુનિશ્ચિતતા પણ કરી હતી. આમ કટોકટીનાદિવસોમાં નરેન્દ્રભાઈ સહિત સંઘના પ્રચારકોએ ઈન્દિરા ગાંધીની સરકારના અત્યાચારો વિરૂધ્ધ ઘણાં આંદોલનોમાં મહત્વપૂર્ણ ભૂમિકાઅદા કરી હતી. કટોકટી કાળના ૨૧ મહિનામાં દેશ અનેક રીતેપાછળ જતોરહયો. સુરક્ષાબળો અને બ્યુરોક્રેસી નિરંકુશ થઈ ચૂકયા હતા. દેશને આર્થિક મોરચેપણ ઘણું નુકસાન થયું હતું. લોકઆક્રોશ પણસતત વધતો જતો હતો અને ૧૯૭૭માં માર્ચમાંલોકસભા ચૂંટણીમાં લોકઆક્રોશના પરિણામસ્વરૂપે ઈન્દિરા ગાંધીને હારનો સામનો કરવો પડયો અને ૨૧મી માર્ચ, ૧૯૭૭ના રોજ આખરે કટોકટીસમાપ્ત થઈ. આમ દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારત કે જયા લોકો ધ્વારા અને લોકો માટે શાસન ચલાવવામાં આવે છે. આવા લોકતાંત્રિક દેશમાં પણ જનતાએ ચૂંટેલી સરકારો નિરંકુશ થઈને બંધારણને બાજુ પર મૂકી દઈનેનર્ણયો લેવા માંડે ત્યારે દેશની કેવી અધોગતિ થાય એ સમગ્ર દેશે કટોકટીકાળમાં જોયુંહતું. આજે કટોકટીને ૫૦વર્ષપૂર્ણ થવાઆવ્યા છે ત્યારે લોકશાહી પર આ કાળી ટીલીસમાન કલંકિત ઘટના વર્ણવતા ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાંજણાવેલ હતું.

ભારત જેવા લોકતાંત્રિક દેશમાં પણ જનતાએ ચૂંટેલી સરકારો નિરંકુશ થઈને બંધારણને બાજુ પર મૂકી દઈને નર્ણયો લેવા માંડે ત્યારે દેશની કેવી અધોગતિ થાય એ સમગ્ર દેશે ૧૯૭૫ના કટોકટી કાળમાં નિહાળેલ

કમલમ્ ન્યુઝ,

ખેડબ્રહ્મા બાર એસોસિયન દ્વારા નાયબ કલેકટર ને આવેદન પત્ર સુપ્રત કરેલ છે સદર આવેદન પત્ર છેલ્લા કેટલાક વર્ષોથી વકીલાતના વ્યવસાયના ભાગરૂપે વકીલો ઉપર અને તેમના કુટુંબ ઉપર હુમલાઓ થઈ રહ્યાછે અને વકીલોના મર્ડર પણ થયેલ છે વકીલ અને તેનું પરિવાર કાયદાથી સુરક્ષિત નહિ હોય તો નિર્ભય રીતે સમાજની સુરક્ષાકઈ રીતે કરશે તે પ્રશ્નો છે તે માટે રાજ્ય સરકાર વકીલો માટે પ્રોટેકશન એક્ટ લાવે તે અત્યંત જરૂરી છે જેથી વકીલોનું ગૌરવ અને આત્મસન્માન માં વધારો થઈ શકે સદર રજૂઆત અંગે ખેડબ્રહ્મા બાર એસોસિએશન ના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જી ચાવડા તથા અન્ય ૧૨ ના સિનિયર જુનિયર વકીલ શ્રી ઓ એ રજૂઆતો કરેલ છે

અમદાવાદના વટવા ખાતે કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ, ૨૦૧૩ અન્વયે કાયદાકીય માર્ગદર્શક સેમિનારનું આયોજન

સાથ બચત ધિરાણ મંડળીની બહેનોએ પોશ એકટના સેમિનાર દ્વારા મેળવી કાયદાકીય જાણકારી

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા અમદાવાદના વટવા પોલીસ સ્ટેશન પાસે આવેલી ખાતે ઘાંચી સમાજની વાડી ખાતે સાથ બચતધિરાણ મંડળીની બહેનો માટે કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ, ૨૦૧૩(અટકાયત, પ્રતિબંધ, નિવારણ) (જીઉઁ ક્રષ્ઠ) અન્વયે કાયદાકીય માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મહિલાઓને કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત માહિતગાર કરવામાં આવ્યા હતા. જાતીય સતામણીના આરોપમાં કોની સામે

ફરિયાદ થઈ શકે તથા તેની કાર્યવાહી, પ્રક્રિયા, વળતર અને કાયદાનું અમલીકરણ કેવીરીતે કરી શકાય તે સહિતના વિષયો ઉપર સામાજિક કાર્યકર શ્રી ગૌરવભાઈ ઠક્કર દ્વારા મહિલાઓને કાયદાકીય બાબતો વિષે સમજ આપવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જિતેશ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસની વિવિધ અમલીકૃત મહિલાલક્ષી યોજનો વિષેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારીસહ રક્ષણ અધિકારી શ્રી વૃત્તિકાબહેન વેગડા, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સિયલ લિટ્રેસી શ્રી હેમલબહેન બારોટ, ઓઢવ PBSC સેન્ટરના કાઉન્સેલર શ્રી હીનાબહેન પટેલ, વટવા પોલીસ સ્ટેશનના SHE ટીમના સભ્યો, ૧૮૧ અભયમ મહિલા ટીમના સભ્યો, એકવીટાસટ્રસ્ટના CSR મેનેજર શ્રી મિલનભાઈ વાઘેલા હાજર રહ્યા હતા.

જિલ્લા ભાજપ દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખરજીને બલિદાન દિવસે પુષ્પાંજલિ અપાઈ

કમલમ્ ન્યુઝ,

કચ્છ જિલ્લા ભાજપ દ્વારા તા. ૨૩/૬/ ના દિવસ એટલે કે જનસંઘ ના સ્થાપક એવા ડો.શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસે કચ્છ જિલ્લા ના તમામ બુથમા પુષ્પાંજલિ આપવામાં આવી હતી અને સાથે સાથે શ્રી મુખરજીના જીવનચરિત્ર વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. જિલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે ભુજ મધ્યે કાશ્મીરને બચાવવા પોતાનું બલિદાન આપનાર મહામાનવ એવા ડો.શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, દિલીપભાઈ શાહ, વગેરેએ પણ જુના ભાજપ કાર્યાલય પાસે આવેલ શ્રી ડો. શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જિલ્લા અધ્યક્ષ શ્રી વરચંદે જણાવ્યું હતું કે જિલ્લા ભાજપ દ્વારા આજ રોજ સમગ્ર કચ્છમાં દરેક બુથમા ડો.શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી મુખરજીનો જન્મ ૬ જુલાઈ ૧૯૦૧ ના થયો હતો અને તેમણે માત્ર ૫૩ વર્ષ ના આયુષ્ય માં જ ત્યાગ, બલિદાન અને સમર્પણની અમિટ છાપ મૂકીગયા. સ્વભાવ થી શિક્ષણ ક્ષેત્ર ના વ્યક્તિ હતા. ૩૩ વર્ષ ની ઉંમરમાં જ તેઓ કલકતા યુનિવર્સિટી ના ઉપકુલપતી બન્યા હતા.

ત્યારબાદ રાજકીય કારકિર્દી માં તેમને પ્રથમ વચગાળાની સરકારમાં તેમને મંત્રી બનાવવામાં આવ્યા તે જ તેમની શ્રેષ્ઠતા નો પુરાવો હતો. તેઓ સતા માટે રાજકારણમાં સતમોહ માટે રાજકીય સમાધાનો નહોતા કર્યા. તેઓ ૧૯૫૧ ના ભારતીય જનસંઘ ના સ્થાપક અધ્યક્ષ બન્યા હોવાનું અને તેમણે ૨૩ જૂન (બલિદાન દિવસ)ના રોજ વિદાય લીધી હોવાનું જિલ્લા ભાજપ અધ્યક્ષે જણાવ્યું હતું. આ ઉપરાંત કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા વિવિધ મંડલોમાં રકતદાન કેમ્પ યોજી ડો. શ્યામાપ્રસાદ મુખરજી ને રકતાંજલિ અર્પણ કરાઈ હતી. આ ઉપરાંત જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજા તેમજ ધારાસભ્ય શ્રીઓ અનિરુદ્ધભાઈ દવે, ત્રિકમભાઈ છાંગા, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પ્રદ્યુમનસિંહ જાડેજા એ પણ પોત પોતાના વિસ્તાર માં રહી પુષ્પાંજલિ આપી હોવાનું કચ્છ જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી અને સહ ઈન્ચાર્જ ચેતન કતીરા ની યાદીમાં જણાવાયું હતું.

આંગણવાડી પ્રવેશોત્સવ ૨૦૨૪- વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું પ્રથમ સોપાન

રાજ્યભરની આંગણવાડીમાં ૧, ૭૫, ૮૧૫ બાળકોને પ્રવેશ અપાશે : ૯૦,૨૧૨ કુમાર તથા ૮૫,૬૦૩ કન્યાઓને પ્રવેશ અપાશે

આધુનિક ટેક્નોલોજી દ્વારા બાળકોને માર્ગદર્શન અને શિક્ષણ માટે યુટ્યુબ ઉપર "ઉંબરે આંગણવાડી" કાર્યક્રમ કાર્યરત

કમલમ્ ન્યુઝ,

રાજ્યના બાળકોના સર્વાંગી વિકાસ અને સુવર્ણ ભવિષ્ય માટે તેમને યોગ્ય પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી ૩ વર્ષથી ૬ વર્ષની ઉંમર ધરાવતા બાળકોને આંગણવાડીમાં દાખલ કરવા માટે આંગણવાડી પ્રવેશોત્સવ યોજવામાં આવે છે. આ વર્ષે આંગણવાડીમાં ૧, ૭૫, ૮૧૫ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવશે. જેમાં ૯૦,૨૧૨ કુમાર તથા ૮૫,૬૦૩ કન્યાઓને પ્રવેશ આપવામાં આવશે તેમ મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે. આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષના બાળકોને રમતો અને પ્રવૃત્તિઓના આધારે અનૌપચારિક શિક્ષણ આપવામાં આવે છે. બાળકોનો શારીરિક, ભાષાકીય, બૌદ્ધિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ થાય તેવું વાતાવરણ પુરુ પાડવામાં આવે છે. વ્યક્તિગત રીતે નાના અને મોટા જૂથમાં બાળક સ્વયં ઉપર નિયંત્રણ રાખી બીજા બાળકો સાથે હળે મળે અને આંતરિક શિસ્ત કેળવાય તે પ્રકારની પ્રવૃત્તિઓ માટે વિવિધ સાધન સામગ્રી પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત મારી વિકાસયાત્રા બુક દ્વારા બાળકોના સર્વાંગી વિકાસની દેખરેખ રાખવામાં આવે છે. બાળકોને વિશેષ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં બાળ દિવસની ઉજવણી, વિવિધ તહેવારોની ઉજવણી, રમતોત્સવ તથા પ્રાયોગિક અનુભવો થાય તે હેતુથી બાળ મેળાઓ પણ યોજવામાં આવે છે. વૈજ્ઞાનિક રીતે બાળકના સર્વાંગી વિકાસ માટે વિવિધ શૈક્ષણિક કીટનો ઉપયોગ કરી ચિટકકામ, માટીકામ, છાપકામ, ગડીકામ, રંગકામ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આંગણવાડીમાં અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે, સર્કલટાઈમ, થીમ આધારિત ચર્ચા ગીત, સંગીત, વાર્તા, ઉખાણા, જોડકણા દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવે છે. વાલીઓ માટે ડિજિટલ કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે. જેમાં બાળકોના અભ્યાસક્રમ મુજબ જે અઠવાડિક પ્રવૃત્તિઓનું આયોજન કરાય છે તેની માહિતી, બાળકો માટેની દૈનિક બે પ્રવૃત્તિઓ, માસમાં બાળક શું શીખશે અને માસના અંતે બાળકે શું શીખ્યું તે વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. આધુનિક ટેક્નોલોજી દ્વારા બાળકોને માર્ગદર્શન અને શિક્ષણ આપવા માટે "ઉંબરે આંગણવાડી" યુટ્યુબ દ્વારા અભ્યાસક્રમ આધારિત કાર્યક્રમો જેવા કે, બાળઆનંદ, સર્જનાત્મક, રચનાત્મક પ્રવૃત્તિઓ ઉપરાંત માતા-પિતા અને વાલીઓ માટે પોઝિટિવ પેરેન્ટિંગના કાર્યક્રમો પણ યોજાય છે.

વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં નવી જોગવાઇઓ ઉમેરાઈ

ગુજરાત સ્ટેટલીટીગેશન પોલીસીમાં નવી જોગવાઈ ઉમેરવાથી સરકારના સમય, નાણાં તેમજ શક્તિનો બચાવ થશે: પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

અપીલમાં વિલંબ અટકાવવા રાજ્ય સરકારે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને કમીટીનું ગઠન કર્યું; કમિટીનો નિર્ણય આખરી ગણાશે



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં રાજ્ય સરકાર દ્વારા કેટલાકી જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. વખતો વખતની સમિક્ષા અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ સંદર્ભે હાલની પોલીસીમાં કેટલાક સુધારાઓ કરવાની જરૂરિયાતના આધારે વિવિધ જોગવાઈ ઉમેરવામાં આવી છે. મંત્રીશ્રી પટેલે જોગવાઈની માહિતી આપતા જણાવ્યું કે, એકાઉન્ટીબીલીટી એટલે કે અધિકારીની જવાબદારી નક્કી કરવા માટે જોગવાઈ ઉમેરવામાં આવી છે. જે કેસ ગુણદોષનાં આધારે મજબૂત હોય તેમ છતાં, અધિકારીની બેદરકારી કે પૂરતી માહિતી ન આપવાનાં કારણે જે પરિણામ આવે તેવા સંજોગોમાં અધિકારીની જવાબદારી નક્કી કરી, તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ તેવું આ જોગવાઈમાં સૂચન કરાયું છે. તેમણે ઉમેર્યું કે, અપીલમાં વિલંબ અટકાવવાની જોગવાઈ અંતર્ગત જયારે કોઈ ચૂકાદો રાજ્યની કોઈ પ્રવર્તમાન નીતિને અસરકરતાં હોય, ત્યારે કાયદા વિભાગના અભિપ્રાયથી દરખાસ્ત કરનાર વિભાગ સહમત ન હોય ત્યારે શું કાર્યવાહી કરવી તેની જોગવાઈ ઉમેરવામાં આવી છે. આવા કિસ્સામાં સરકાર દ્વારા એક કમીટીનું ગઠન કરાયું છે, જેનો નિર્ણય આખરી ગણાશે. આ કમીટીમાં રાજ્ય સરકારના મુખ્ય સચિવશ્રી અધ્યક્ષ રહેશે. આ ઉપરાંત નાણા વિભાગ સચિવ, સામાન્ય વહીવટી વિભાગના સચિવ, કાયદા વિભાગના સચિવ અને જે વિભાગે દરખાસ્ત કરી હોય તે વિભાગના સચિવ કમિટીના સભ્ય રહેશે. સ્ટેટ લીટીગેશન પોલીસીમાં સુધારા કરવાથી સરકારપક્ષનાં જે કેસો સારા છે, તે કેસોને ત્વરિત મોનિટરીંગ કરી શકાશે. સાથેજ વિલંબનાં કારણે થતું નુકસાન અટકાવી શકાશે. આ સુધારા થકી વિલંબ કરનાર જવાબદાર સામે અસરકારક પગલાં ભરી શકાશે. આ સ્ટેટ લીટીગેશન પોલીસીથકી સરકારના સમય, નાણાં તેમજ શક્તિનો બચાવ થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

કન્યા કેળવણી રથયાત્રાને પરિણામે રાજ્યની દીકરીઓના શિક્ષણમાં સુધાર, પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો માત્ર ૧.૩૧ ટકા

વહાલી દીકરી યોજના હેઠળ ૨ લાખથી વધુ દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,

ગુજરાતની વધુને વધુદીકરીઓ શિક્ષણ મેળવે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે, તે માટે રાજ્ય સરકાર દરવર્ષે કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમનું આયોજન કરે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાપ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમની ૨૧મી શૃંખલા આયોજિત થઈ રહી છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી મહિલા સાક્ષરતા દરમાં સુધારો થઈ રહ્યો છે તેમજ પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો પણ ઘટ્યોછે. પ્રાથમિક શિક્ષણમાં (ધોરણ ૧ થી ૫) વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો જે વર્ષ ૨૦૦૧-૦૨માં ૨૦.૫૩% હતો તે વર્ષ ૨૦૨૨-૨૩માં ઘટીને ૧.૩૧ ટકા થઈ ગયોછે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યા કેળવણી રથયાત્રા ઉપરાંત વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વ્હાલી દીકરી યોજના, સરસ્વતી સાધના યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના વગેરે જેવી શૈક્ષણિક પહેલો અને યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવી છે. આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ પણ રાજ્યમાં સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ અને તકનીકી શિક્ષણ સુધી રાજ્ય સરકાર દ્વારા દીકરીઓને વિવિધ આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેનાથી રાજ્યમાં કન્યાઓ માટે શિક્ષણ સુગમ બન્યું છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે ગુણાત્મક શિક્ષણ, ૧૦૦ ટકા નામાંકન અને ૧૦૦ ટકા સ્થાયીકરણના ૩ હેતુઓ સાથે શિક્ષણ પરિવર્તનની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રાજ્યમાં સ્ત્રી સાક્ષરતાના દર વધારવા માટે અનેક પગલાંઓ લેવામાં આવ્યા છે.

વ્હાલી દીકરી યોજના હેઠળ ૨ લાખથી વધુ દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય

રાજ્યની દીકરીઓ પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી ભણી-ગણીને આગળ વધે તેની પણ સરકારે ચિંતા કરી છે. દીકરીઓને સારૂં શિક્ષણ મળે, તેમનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો ઘટે તેના માટે રાજ્ય સરકારે વ્હાલી દીકરી યોજના અમલી બનાવી છે અને આ યોજના હેઠળ દીકરી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી તબક્કાવાર ?૧,૧૦,૦૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજના શરૂ થયેથી વર્ષ ૨૦૨૪ સુધીમાં ૨,૩૭,૦૧૨ દીકરીઓનું રજિસ્ટ્રેશન કરવામાંઆવ્યું છે. આ યોજનાનો લાભ લાભાર્થી દીકરીઓને આગામી વર્ષ ૨૦૨૫-૨૬થી મળવા લાગશે. આ ઉપરાંત, રાજ્યમાં કન્યા કેળવણીનું પ્રમાણ વધે, કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે અને કન્યાઓનું શાળામાં ૧૦૦ ટકા નામાંકન થાય તેવા ઉદ્દેશ્યથી રાજ્ય સરકારે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના પણ લાગુ કરી છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૨,૮૪,૮૮૫ વિદ્યાર્થિનીઓને બોન્ડ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાંઆવ્યો છે.

રાજ્યમાં દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે 'નમો લક્ષ્મી' યોજનાની શરૂઆત

રાજ્યની દીકરીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં ?૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવા માટે આ વર્ષે 'નમો લક્ષ્મી યોજના' અમલમાં મૂકી છે. આ યોજનાના સુચારૂ સંચાલન માટે 'નમોલક્ષ્મી' પોર્ટલ પણ બનાવવામાં આવ્યું છે. ધોરણ ૯, ૧૦ અને ધોરણ-૧૧, ૧૨ માં સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ શાખામાં અભ્યાસ કરતી દીકરીઓને 'નમો લક્ષ્મી યોજના'નો લાભ મળશે.

કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન

રાજ્યમાં કન્યા કેળવણીને વેગ આપવા માટે ભારત સરકારની કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ અને લઘુમતી સમુદાયોની શાળા બહારની (કદીએ શાળાએ ન ગઈ હોય અથવા અધવચ્ચે શાળા છોડી દીધેલ હોય એટલે કે ડ્રોપ આઉટ હોય) કન્યાઓ તેમજ દુર્ગમ વિસ્તારોમાં રહેતી કન્યાઓ માટે ધોરણ ૬ થી ૧૨નાં શિક્ષણની નિવાસી વ્યવસ્થાની સવલત ઊભી કરવામાં આવી છે. કેજીબીવીમાં કન્યાઓ વિનામૂલ્યે ધો- ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી વ્યવસ્થા તેમજ વિનામૂલ્યે રહેવાનું, જમવાનું, જીવન કૌશલ્ય લક્ષી તાલીમો, સ્વરક્ષણ તાલીમો, રમત-ગમતની તાલીમો વગેરે સુવિધાઓ આપીને કન્યાઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં કુલ ૨૪૯ કેજીબીવી કાર્યરત હતી. હવે વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં કુલ ૨૫૭ કેજીબીવી કાર્યરત કરવામાં આવશે, જેમાં લગભગ ૩૦ હજાર જેટલી કન્યાઓને અભ્યાસિક તેમજ સહ અભ્યાસિક તમામ લાભ આપવામાં આવશે.

દીકરીઓને શાળાએ જવા માટે પરિવહન સુવિધા

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં અભ્યાસ કરતી અનેક કન્યાઓને શાળાએ આવવા-જવા માટે કોઈ તકલીફનો સામનો ન કરવો પડે તે માટે વિનામૂલ્યે એસ.ટી. બસની સવલત આપવામાં આવે છે. આ સાથે સમાજના વંચિત વર્ગની મોટાભાગની દીકરીઓએ યોગ્ય સુવિધાઓના અભાવે શિક્ષણ છોડવું ન પડે તે માટે અનુસૂચિત જાતિ તેમજ વિકસતી જાતિની કન્યાઓને રાજ્ય સરકાર દ્વારા સરસ્વતી સાધના યોજના અંતર્ગત જયારે આદિજાતિ સમુદાયની વિદ્યાર્થિનીઓને વિદ્યા સાધના યોજના અંતર્ગત મફત સાયકલ આપવામાં આવે છે. સરસ્વતી સાધના યોજના અંતર્ગત કુલ ૧૮,૬૮,૦૬૭ કન્યાઓને સાયકલનો લાભ આપવામાં આવ્યો છે. વિદ્યાસાધના યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષોમાં ૩.૭૮ લાખ જેટલી કન્યાઓને સાયકલનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, અનુસૂચિત જાતિની કન્યાઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ પણ આપવામાં આવે છે.

દીકરીઓને મેડિકલ શિક્ષણ ક્ષેત્રે સહાયતા માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના

પ્રાથમિક શિક્ષણ ઉપરાંત, કન્યાઓને ઉચ્ચ અને તકનીકી શિક્ષણ માટે પણ રાજ્ય સરકાર આર્થિક સહાય આપે છે. મેડિકલ ક્ષેત્રે (MBBS)માં પોતાની કારકિર્દી બનાવવા માંગતી રાજ્યની દીકરીઓ માટે ગુજરાત સરકારે 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિયોજના' (MKKN) શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય MBBSમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં આ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યએ ૧૯,૭૭૬ તેજસ્વી વિદ્યાર્થિનીઓને ૫૭૩.૫૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં મેડિકલ શિક્ષણ લેતી ૪,૯૮૨ વિદ્યાર્થિનીઓને ૧૭૧.૫૫ કરોડની સહાય આપવામાં આવી છે. મહિલા સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટેના રાજ્ય સરકારે લીધેલા અનેકવિધ પગલાંને પરિણામે રાજ્યના મહિલા સાક્ષરતા દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સંસ્કારી અને સુસંસ્કૃત સમાજનું નિર્માણ શિક્ષીત નારી દ્વારા જ સંભવ બને છે. ગુજરાત સરકારે રાજ્યની મહિલાઓના શૈક્ષણિક સશક્તિકરણ દ્વારા આર્થિક સશક્તિકરણના દ્વાર ખોલ્યા છે.

ગુજરાતમાં સૌ પ્રથમવાર નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત શાળામાં પ્રવેશ લઈ રહેલા ભૂલકાઓને શૈક્ષણિક કીટ અપાશે

બાળકોના અભ્યાસને વધુ આનંદમય બનાવવા 'નિપુણ ભારત, નિપુણ ગુજરાત' મિશન હેઠળ રાજ્ય સરકારે વિવિધ ૩૦ પ્રકારની અભ્યાસ સામગ્રી વિકસાવી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮મી જૂનના રોજ યોજાનાર "શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ: ૨૦૨૪-૨૫" દરમિયાન સૌ પ્રથમવાર નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત શાળામાં પ્રવેશ લઈ રહેલા બાળકોને શિક્ષણ કીટ આપવામાં આવશે, જેમાં બાળકોને ૩૦ પ્રકારની વિવિધ અભ્યાસ સામગ્રી આપવામાં આવશે. આ અભ્યાસ સામગ્રીના ઉપયોગથી બાળકો શારીરિક તંદુરસ્તી સાથે-સાથે માનસિક રીતે વધુ તંદુરસ્ત બનશે, તેવો રાજ્ય સરકારનો નવતર પ્રયાસ છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળ પાયાના શિક્ષણને સક્ષમ બનાવવા તેમજ દરેક બાળકોને આધારભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તે માટે રાષ્ટ્રીય સ્તરે 'નિપુણ ભારત મિશન' તેમજ રાજ્ય સ્તરે 'નિપુણ ભારત, નિપુણ ગુજરાત' મિશન હાથ ધરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં રાજ્યના બાળકોમાં માતૃભાષાના વાંચન-લેખન સાથે ગણિત શીખવાની ક્ષમતા ઉત્તમ રીતે કેળવાય, તેવા ઉમદા ધ્યેય સાથે આ મિશનની શરૂઆત કરવામાં આવી છે. NIPUN એટલે કે, નેશનલ ઈનિશિયેટિવ ફોર પ્રોફીસીયન્સી ઈન રીડીંગ વિથ અન્ડરસ્ટેન્ડિંગ એન્ડ ન્યુમેરેસીના નામથી આ રાષ્ટ્રીય પહેલથી બાળકોના શિક્ષણનો પાયો મજબૂત બનશે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બાળકોને અનુભવ દ્વારા શિક્ષણ, શિક્ષક દ્વારા વ્યક્તિગત શિક્ષણ, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ ઉપરાંત આનંદદાયી અને મનોરંજન ભર્યું શિક્ષણ આપવું ખૂબ જ જરૂરી છે. આ સાથેજ બાળકોનું દૈનિક જીવન સાથે જોડાણ, કલા, સંગીત અને રમત-ગમત દ્વારા શીખવાની સમાન અને પૂરતી તક મળે તે પણ એટલું જ જરૂરી છે. સ્વ-શિક્ષણ, સહપાઠી શિક્ષણ આપવા માટે કરીક્યુલમ ફ્રેમવર્ક મુજબની દરેક પ્રમુખ બાબતોને તેમાં સમાવવું જરૂરી હોવાથી, બાળકોને આપવામાં આવતી કીટમાં એ જ પ્રકારની તમામ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવીન શૈક્ષણિક કીટમાં કાર્યપ્રણાલી, NCF-SCF વિહંગાવલોકન, અધ્યયન નિષ્પત્તિ સમજ, અધ્યયન સંપૂટ પરિચય, એકમ પરિચય, સપ્તરંગી શનિવાર, જાદુઈ પિટારા સામગ્રી, વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, લેખનપોથી, ચિત્રપોથી, નોટબુક, સ્લેટ અને પેન બોક્ષ, શૈક્ષણિક સ્ટેશનરી કિટ, વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર, નિપુણ ભારત માર્ગદર્શિકા, વિદ્યા પ્રવેશ શિક્ષક આવૃત્તિ, સર્જન માટેની વર્ગસામગ્રી, અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ તેમજ બોર્ડ બુકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લાર્જ સ્ટોરી બુક, વાર્તાનો વડલો ભાગ-૧ અને ૨, ચિત્ર વાર્તા પુસ્તિકા, દ્વિભાષી વાર્તા પુસ્તિકા, અર્લી રીડર, સચિત્ર બાળપોથી, ચિત્ર કેલેન્ડર, ફ્લેશ કાર્ડ્સ, ચાર્ટ/ પોસ્ટર, બ્રેઈલ કિટ, અર્લી મેથેમેટીક્સ કીટ (NCERT Maths Kit), IIT FLN KIT, લાકડાનાં શૈક્ષણિક રમકડાંની કિટ, રમત-ગમતનાં સાધનો, સંગીતના સાધનો, ગીતમાલા, રમે તેની રમત અને ચર્ચાપત્ર જેવી વિવિધ પ્રકારની અભ્યાસ પુસ્તિકાઓ, રમકડાઓ સાથે સાથે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ બ્રેઈલ લીપીભાષામાં પુસ્તિકાઓ પણ શૈક્ષણિક કીટમાં સમાવવામાં આવીછે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસીત ભારત બનાવવાના કરેલા સંકલ્પમાં વિકાસના મોડેલ સ્ટેટ તરીકે ગુજરાત અગ્રેસર રહે અને તેમજ કોઈ ઉણપ ન રહે તે માટે શિક્ષણ સેવાના આ યજ્ઞ એવા શાળા પ્રવેશોત્સવને નવી ઊંચાઈએ લઈ જવા રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારના તમામ બાળકોને શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી ગુજરાતમાં દર વર્ષે શાળા પ્રવેશોત્સવનું આયોજન હાથ ધરવામાં આવે છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીનેતૃત્ત્વ હેઠળ ગુજરાતમાં સૌ પ્રથમવાર વર્ષ ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળના સભ્યશ્રીઓ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ગામડે-ગામડે જઈ નાના ભૂલકાઓને શાળામાં પ્રથમવાર પ્રવેશ આપવા આવકારે છે. વડાપ્રધાનશ્રીએ શરુ કરેલી શિક્ષણની આ પરંપરાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પરિણામે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જાણી

રાજ્યમાં ધોરણ૧-૮માં છેલ્લા ૨૦ વર્ષમાં ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨%થી ઘટીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૩૧ % થયો

- **ધોરણ ૩-૧૨ના વિદ્યાર્થીઓ માટે લર્નિંગ આઉટકમ આધારિત રિપોર્ટ કાર્ડ આપનાર ગુજરાત દેશમા પ્રથમ રાજ્ય છે**
- **ગુજરાતે સૌ પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સીના ઉપયોગથી સ્વીફ્ટ ચેટ નામના લર્નિંગ સોફ્ટવેર થકી ૧.૫ કરોડ લોકોએ સીધો લાભ લીધો છે**
- **રાજ્યની ૨૦,૦૦૦ જેટલી શાળાઓને સ્કૂલ ઓફ એક્સિલેન્સમાં પરાવર્તિત કરવામાં આવી રહી છે**

કમલમ્ ન્યુઝ,

સૌભણે, ગણે અને આગળ વધે' તથા સૌને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા આશય સાથેગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ઈતિહાસની આ પ્રથમ ઘટના હતી જેમાં મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓ ગામડે-ગામડે જઈ શાળા પ્રવેશોત્સવ થકીનાના ભૂલકાઓને શાળામાં આવકારતા હતા. વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલા શિક્ષણના આ સેવાયજ્ઞને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ આગામી તા.૨૬ થી ૨૮ જૂન દરમિયાન સમગ્ર રાજ્યમાં ૨૧ મો શાળા પ્રવેશોત્સવ 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની' થીમ સાથે રાજ્યના ૩૩જિલ્લાઓના ૨૫૪ બ્લોક્સ ૩૨૪૭ ક્લસ્ટર્સ અને ૫૪૦૦૦ શાળાઓમાં યોજાશે એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયુ છે. શાળા પ્રવેશોત્સવના પરિણામે ગુજરાતમાંશૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ આવી છે. શાળા પ્રવેશોત્સવ શરૂ થયો તે પહેલા વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાતમાં નેટ એનરોલ્મેન્ટ રેટએટલે કે, ધોરણ -૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૭૫.૦૫ ટકા હતો. ધોરણ-૧માં વિદ્યાર્થીઓના નામાંકન દરને ૧૦૦ ટકા સુધી પહોંચાડવા માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાદૂરંદેશી નેતૃત્વ હેઠળ શાળાપ્રવેશોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. જેના પરિણામે બીજા જ વર્ષે ૨૦૦૪-૦૫માં નામાંકન દર વધીને ૯૫.૬૪ટકા થયો. ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૧૩માં આ નામાંકન દર ૯૯.૨૫ ટકા સુધી પહોંચ્યો અને ત્યારથી અત્યારસુધી ધોરણ-૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૧૦૦ ટકાની નજીકજ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અનેમાર્ગદર્શન હેઠળ કેબિનેટમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાનાઆગેવાનીમાં સમગ્ર શિક્ષણ વિભાગની ટીમે પ્રવેશોત્સવ નામાંકન સુનિશ્ચિત કરવામાટે ડેટા આધારિત અભિગમ અપનાવ્યો છે. વર્ષ - ૨૦૧૯ થી શિક્ષણ વિભાગની UDISE-આધારિત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ સાથે આરોગ્ય વિભાગના ડેટાને જોડવાની ગુજરાતે પહેલ કરી છે. વર્ષ - ૨૦૧૯ થી ધોરણ-૧માં પ્રવેશ માટે યોગ્ય ઉંમર ધરાવતા બાળકોને ઓળખી પ્રવેશ આપવા માટે સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમના બર્થ રેકોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમનો ઉપયોગ બાળવાટિકામાંપ્રવેશ માટે પણ કરવામાંઆવી રહ્યો છે. રાજ્ય સરકારે વર્ષ - ૨૦૧૮ થી ધોરણ ૩ થી ૧૨ માટે કેન્દ્રીય ધોરણે એકમ કસોટી અને સત્રાંત પરીક્ષા લેવાની શરૂઆત કરી છે. સત્રાંત કસોટીમાંએક સમાનપ્રશ્નપત્ર, એક સમાન સમય બાળકોને આપવામાં આવે છે અને આ પ્રશ્નપત્રો અન્ય શાળાના શિક્ષકો દ્વારા ચકાસણી કરીઉત્તરવહીનુંમૂલ્યાંકન કરવામાં છે. ત્યારબાદ બાળકોને લર્નિંગ આઉટકમ આધારિત રિપોર્ટ કાર્ડ આપવામાં છે. આજે ધોરણ ૩-૧૨ના વિદ્યાર્થીઓ માટે લર્નિંગ આઉટકમ આધારિત રિપોર્ટ કાર્ડ આપનાર ગુજરાત દેશમા પ્રથમ રાજ્ય છે. વર્ષ - ૨૦૦૧ પહેલા ટેકનોલોજીના અભાવે છેવાડાના બાળકોસુધી શિક્ષકોપહોંચી શકતા ન હતા જ્યારે આજે ગુજરાતે ટેકનોલોજી ક્ષેત્રે એક અલગ આયામ સમગ્ર દેશમાં સ્થાપિત કર્યોછે. વર્ષ૨૦૦૮ થી BISAG દ્વારા વંદે ગુજરાત પર શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ થાય છે. ૨૦૨૦ થી તમામ પાઠ્યપુસ્તકોને ઊઇ કોઈઆપી DIKSHA પોર્ટલ પર દેશમાંગુજરાત પ્રથમ સ્થાને છે. ગુજરાતે સૌ પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી અપનાવીછે સ્વીફ્ટ ચેટ નામના લર્નિંગ સોફ્ટવેરનો ૧.૫ કરોડ લોકોએ સીધો લાભ લીધો છે. રાજ્ય સરકારની માલિકીની ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજી કંપની ૨૦૨૨ થી જી-શાળા એપ્લીકેશનના૩૧ લાખથી વધુ યૂઝર્સ છે. વર્ષ - ૨૦૦૧માં વિદ્યાર્થીઓ સામે શિક્ષકોની સંખ્યા ઓછી હતી. બાળકો જોડે સ્માર્ટ ક્લાસ ન હતા કોમ્પ્યુટર લેબ ન હતી જ્યારે આજે કેબિનેટ શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્યકક્ષા શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ બાળકોના ભવિષ્યની ચિંતાકરી છે. બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી શકે તે હેતુથી રાજ્યની ૨૦,૦૦૦ જેટલીશાળાઓને સ્કૂલ ઓફ એક્સિલેન્સમાં પરાવર્તિત કરવામાં આવી રહી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૫૦,૦૦૦ નવા વર્ગખંડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેમાં ૬૭૦૦ નવા વર્ગખંડનું કામ પૂર્ણ ૨૫,૬૭૫નું કાર્ય પ્રગતિ હેઠળ છે. બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ માટે ૩ લાખ કોમ્પ્યુટર સાથે ૨૧,૦૦૦ નવી કોમ્પ્યુટર લેબ્સ શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવશે. ૧૩,૪૭૫કોમ્પ્યુટર લેબ્સનું કાર્ય પૂર્ણ થયુ છે. જયારે ૭,૫૨૫ કોમ્પ્યુટરલેબ્સનું કાર્યપ્રગતિહેઠળ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ૨૬,૫૦૦સ્માર્ટ ક્લાસરૂમ અને ૬૩,૦૦૦ કોમ્પ્યુટર સાથેની ૪૨૦૦ કોમ્પ્યુટર લેબ આપવામાં આવેલ છે.તથા આ લેબ કાર્યરતકરવામાટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે દરેક શાળાને ગ્રાન્ટ આપવામાં આવેલ છે. બાળકોને ભણવા એક લાખ પાંચહજાર નવા સ્માર્ટ ક્લાસ રૂમ્સ બનાવવામાં આવશે. જેમાં ૯૦,૦૦૦ સ્માર્ટ ક્લાસનુંકામ પૂર્ણ અને ૧૫,૦૦૦ સ્માર્ટ ક્લાસનું કામ પ્રગતિ હેઠળ છે. સાયન્સઅને ટેક્નોલોજી ક્ષેત્રે બાળકોઆગળવધેતે હેતુથીરાજ્ય સરકાર દ્વારા૫,૦૦૦ નવી સ્ટીમ લેબ્સ બનાવવામાં આવશે, જેમાં ૩૦૦૦ લેબ્સનું કામ પૂર્ણ થઈ ગયુ છે અને ૨૦૦૦ લેબ્સનુંકામ પ્રગતિ હેઠળ છે. આમ, જોવા જઈએ તો ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પરિણામે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. વર્ષ ૨૦૨૧માંથયેલા નેશનલ એચીવમેન્ટ સર્વેમાં ગુજરાતનો સમાવેશ દેશના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્યોમાંથયો હતો.

વલસાડના ગુંદલાવની લક્ષ્મીબા પ્રાથમિક શાળા ખાતે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ,

વલસાડ તાલુકાના ગુંદલાવ ગામમાં વનાચલ કેળવણી ટ્રસ્ટ સંચાલિત હરિઓમ સાધના વિધાલય તથા લક્ષ્મીબા પ્રાથમિક શાળામાં વલસાડના અમિતાબેન પારેખ અને હેતલબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નોટબુક તથા બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. વનાચલ કેળવણી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રમેશચંદ્ર પટેલે અમિતાબેનનો પરિચય આપ્યો અને વિદ્યા દાન, અન્ન દાન, રક્તદાન, દેહ દાન અને વિવિધ દાનોનો ઉદાહરણ સાથે મહિમા સમજાવ્યો હતો. અમિતાબેન વર્ષોથી વિદ્યા દાન માટે નોટબુક વિતરણ કરીઉમદા કાર્ય કરી રહ્યા છે.હેતલબેન તેમાંમદદરૂપ બનીને સેવા કરીરહ્યા છે. શાળાના શિક્ષિકા મિલિન્દાબેને આભાર વિધિ કરી હતી.

રાજ્યમાં ટ્રી કવર વધારવા ૨૦૦ કિમી લાંબા દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઇવેની બંને બાજુ ૪૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરાશે: પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

હરિત વન પથ યોજના અંતર્ગત વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે થશે વૃક્ષારોપણ

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠકમળી હતી. બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતુંકે, દ્વારકાથી સોમનાથ સુધીના આશરે ૨૦૦ કિમી લંબાઈના કોસ્ટલ હાઈવેની બન્ને બાજુવન વિભાગઅને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુકત ઉપક્રમે આશરે ૪૦,૦૦૦ જેટલા રોપાઓનું ૧૦ટ ૧૦ મી.ના અંતરે વાવેતર કરવામાંઆવશે. રાજ્યમાંટ્રી કવર વધારવાસદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અગાઉ કરાયેલીકામગરીને ધ્યાને રાખીને જ સદભાવના વૃદ્ધાશ્રમને 'હરિતવન પથ'યોજનાના અમલ માટે ભાગીદારસહ આયોજન કરવામાંઆવ્યુંછે. તેમણેઉમેર્યું હતું કે, વનવિભાગ દ્વારાવર્ષ ૨૦૨૪-૨૫માં 'હરિત વન પથ' યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજનાઅંતર્ગત રાજ્યમાંકુલ ૭૦ હેક્ટર વિસ્તારમાં આશરે ૭૦,૦૦૦ મોટા રોપાઓના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. હરિત વન પથ યોજના હેઠળ રાજ્યમાં ટ્રી કવર વધારવા અને રોડ્ની બન્ને બાજુને હરિયાળી બનાવવા માટે૫ ઠ૫ મી.ના અંતરે ૬ થી ૮ ફીટના રોપા ટ્રી-ગાર્ડ સાથે વાવેતર કરવાની એક અગત્યની યોજનાછે. આયોજના અગાઉના વાવેતરોકરતાં વિશિષ્ટ અને અત્યંત અસરકારક મોડલ તરીકે તૈયાર કરવામાંઆવી છે.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગત ૧૦ વર્ષમાં આશરે ૨૫ લાખ કરતાં પણ વધારે વૃક્ષોન્બુ વાવેતર કરીને ઉછેરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવે પર કરવામાં આવનાર વૃક્ષારોપણમાં રોપા દીઠ અંદાજે રૂ. ૩૦૦૦ના ખર્ચે પ્રથમવર્ષનું વાવેતર અને ત્રણ વર્ષ સુધીની જાળવણી સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા કરવામાં આવશે. સંસ્થા પાસે તાંત્રિક માનવબળ, ટ્રેક્ટર્સ, ટેંકર્સ અને વૃક્ષારોપણ કામગીરી માટે તમામ સાધન સામગ્રી પણ ઉપલબ્ધ છે. માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમે લોક ભાગીદારીથી PPP ધોરણે વનીકરણનું કામ કરવા ઇચ્છા દર્શાવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યમાં રોડના મિડિયન, બન્ને બાજુ તેમજ અન્ય અનુકૂળ જગ્યાએ મોટા રોપા ટ્રી ગાર્ડ સાથે સફળતાપૂર્વક વાવેતર કરવામાંઆવી રહ્યુંછે. સદભાવના વૃદ્ધાશ્રમ-માનવસેવાચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ જિલ્લામાંવૃક્ષારોપણ માટે વન વિભાગ સાથે રૂ. ૧૦ કરોડના MoU પણ કરવામાં આવ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ટીબી મુક્ત ભારત અભિયાનને સાકાર કરવાના હેતુથીટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને દર મહિને દાતાશ્રીઓ દ્વારા પોષણ કીટ આપવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટમાં ટીબીના જરૂરિયાતમંદ ૨૧ દર્દીઓને પોષણ આહાર કિટ વિતરણનો કાર્યક્રમ જિલ્લા ક્ષય કેન્દ્ર, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં સ્નેહ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દર્દીઓને પોષણકીટ આપવામાં આવીહતી. રાજકોટ ટીબી સેન્ટરના જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. ઘનશ્યામ મહેતાના માર્ગદર્શનમાંઆ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું હતું.આજની કીટ દાતાશ્રીઓ તૃપ્તિબેન ચોકસી, પ્રીતિબેન અને સકુબેન તરફથી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્નેહ ફાઉન્ડેશનના અનીતાબેન અને ભરતભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડૉ. લક્કડ તથા ડૉ વાછાણીએ બધા જ દર્દીઓને નિયમિત સારવાર લેવા માટે સમજાવ્યા હતા.

કન્યા કેળવણી રથયાત્રાને પરિણામે રાજ્યની દીકરીઓના શિક્ષણમાં સુધાર, પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો માત્ર ૧.૩૧ ટકા

વહાલી દીકરી યોજના હેઠળ ૨ લાખથી વધુ દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય

કમલમ્ ન્યુઝ,

ગુજરાતની વધુ ને વધુ દીકરીઓશિક્ષણ મેળવેઅને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે, તેમાટે રાજ્યસરકાર દર વર્ષેકન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમનું આયોજન કરે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યનાશિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમની ૨૧મીશૃંખલા આયોજિતથઈ રહી છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી મહિલા સાક્ષરતા દરમાં સુધારો થઈ રહ્યો છે તેમજ પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો પણ ઘટ્યો છે. પ્રાથમિક શિક્ષણમાં (ધોરણ ૧ થી ૫) વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ રેશિયો જે વર્ષ ૨૦૦૧-૦૨માં ૨૦.૫૩% હતો તે વર્ષ ૨૦૨૨-૨૩માંઘટીને ૧.૩૧ ટકાથઈ ગયો છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યા કેળવણી રથયાત્રા ઉપરાંત વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વ્હાલી દીકરી યોજના, સરસ્વતીસાધનાયોજના, મુખ્યમંત્રી કન્યાકેળવણી નિધિયોજના વગેરે જેવીશૈક્ષણિકપહેલોઅને યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવવામાંઆવી છે. આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ પણ રાજ્યમાં સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ અને તકનીકી શિક્ષણ સુધી રાજ્ય સરકાર દ્વારા દીકરીઓને વિવિધઆર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેનાથી રાજ્યમાં કન્યાઓ માટે શિક્ષણ સુગમ બન્યુંછે. રાજ્યસરકાર દ્વારા છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે ગુણાત્મક શિક્ષણ, ૧૦૦ ટકા નામાંકન અને ૧૦૦ ટકાસ્થાયીકરણના ઉહેતુઓ સાથે શિક્ષણ પરિવર્તનનીદિશામાં ધ્યાન કેન્દ્રિત કરવામાંઆવ્યુંછે. રાજ્યમાં સ્ત્રી સાક્ષરતાના દર વધારવા માટે અનેક પગલાંઓ લેવામાંઆવ્યા છે.

વ્હાલી દીકરી યોજના હેઠળ ૨ લાખથી વધુ દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય

રાજ્યની દીકરીઓ પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી ભણી-ગણીને આગળ વધેતેની પણ સરકારે ચિંતા કરીછે. દીકરીઓને સારૂં શિક્ષણ મળે, તેમનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો ઘટે તેના માટે રાજ્ય સરકારે વ્હાલી દીકરી યોજના અમલીબનાવી છેઅને આ યોજના હેઠળ દીકરી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી તબક્કાવાર ?૧,૧૦,૦૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજના શરૂ થયેથી વર્ષ ૨૦૨૪ સુધીમાં ૨,૩૭,૦૧૨ દીકરીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ લાભાર્થી દીકરીઓને આગામી વર્ષ ૨૦૨૫-૨૬થી મળવા લાગશે. આ ઉપરાંત, રાજ્યમાં કન્યા કેળવણીનું પ્રમાણ વધે, કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે અને કન્યાઓનું શાળામાં ૧૦૦ ટકા નામાંકન થાય તેવા ઉદ્દેશ્યથી રાજ્ય સરકારે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના પણ લાગુ કરી છે. આ યોજના અંતર્ગતવર્ષ ૨૦૨૪-૨૫ માટે ૨,૮૪,૮૮૫વિદ્યાર્થિનીઓને બોન્ડ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાંઆવ્યો છે.

રાજ્યમાં દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે 'નમો લક્ષ્મી' યોજનાની શરૂઆત

રાજ્યની દીકરીઓને માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરણ૯ થી ૧૨માં અભ્યાસકરતી કન્યાઓને ચાર વર્ષમાં?૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવા માટે આ વર્ષે 'નમો લક્ષ્મીયોજના' અમલમાંમૂકી છે. આ યોજનાના સુચારુ સંચાલન માટે 'નમો લક્ષ્મી' પોર્ટલ પણ બનાવવામાં આવ્યું છે. ધોરણ ૯, ૧૦ અને ધોરણ-૧૧, ૧૨ માં સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ શાખામાં અભ્યાસ કરતી દીકરીઓને 'નમો લક્ષ્મી યોજના'નોલાભ મળશે.

કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન

રાજ્યમાં કન્યા કેળવણીને વેગઆપવા માટે ભારત સરકારની કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજનાપણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિતજનજાતિ,અન્ય પછાત વર્ગ અને લઘુમતી સમુદાયોની શાળા બહારની (કદીએ શાળાએ ન ગઈ હોય અથવા અધવચ્ચે શાળા છોડી દીધેલ હોય એટલે કે ડ્રોપ આઉટ હોય) કન્યાઓ તેમજ દુર્ગમ વિસ્તારોમાં રહેતી કન્યાઓ માટે ધોરણ ૬ થી ૧૨નાં શિક્ષણની નિવાસી વ્યવસ્થાનીસવલત ઊભી કરવામાં આવી છે. કેજીબીવીમાં કન્યાઓ વિનામૂલ્યે ધો- ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી વ્યવસ્થા તેમજ વિનામૂલ્યે રહેવાનું, જમવાનું, જીવન કૌશલ્યલક્ષી તાલીમો, સ્વરક્ષણ તાલીમો, રમત-ગમતની તાલીમો વગેરે સુવિધાઓ આપીને કન્યાઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં કુલ ૨૪૯ કેજીબીવીકાર્યરત હતી. હવે વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં કુલ ૨૫૭ કેજીબીવી કાર્યરત કરવામાં આવશે, જેમાં લગભગ ૩૦ હજાર જેટલી કન્યાઓને અભ્યાસિક તેમજ સહ અભ્યાસિક તમામ લાભ આપવામાં આવશે.

દીકરીઓને શાળાએ જવા માટે પરિવહન સુવિધા

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં અભ્યાસ કરતી અનેક કન્યાઓને શાળાએ આવવા-જવા માટે કોઈ તકલીફનો સામનો ન કરવો પડે તે માટે વિનામૂલ્યે એસ.ટી. બસની સવલત આપવામાં આવે છે. આ સાથે સમાજના વંચિત વર્ગની મોટાભાગની દીકરીઓએ યોગ્ય સુવિધાઓનાઅભાવે શિક્ષણ છોડવું ન પડે તે માટે અનુસૂચિત જાતિ તેમજ વિકસતીજાતિની કન્યાઓને રાજ્ય સરકાર દ્વારા સરસ્વતી સાધના યોજના અંતર્ગત જ્યારે આદિજાતિ સમુદાયની વિદ્યાર્થિનીઓને વિદ્યા સાધના યોજના અંતર્ગત મફત સાયકલ આપવામાં આવે છે. સરસ્વતી સાધના યોજના અંતર્ગત કુલ ૧૮,૬૮,૦૬૭ કન્યાઓને સાયકલનો લાભ આપવામાં આવ્યો છે. વિદ્યા સાધના યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષોમાં ૩.૭૮ લાખ જેટલી કન્યાઓનેસાયકલનો લાભ આપવામાંઆવ્યો છે. આ ઉપરાંત, અનુસૂચિત જાતિની કન્યાઓને વાર્ષિક આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ પણ આપવામાં આવેછે.

દીકરીઓને મેડિકલ શિક્ષણ ક્ષેત્રે સહાયતા માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના

પ્રાથમિક શિક્ષણ ઉપરાંત, કન્યાઓને ઉચ્ચ અને તકનીકી શિક્ષણ માટે પણ રાજ્ય સરકાર આર્થિક સહાય આપે છે. મેડિકલ ક્ષેત્રે (MBBS)માં પોતાની કારકિર્દીબનાવવામાંગતી રાજ્યની દીકરીઓ માટે ગુજરાત સરકારે 'મુખ્ય મંત્રી કન્યા કેળવણી નિધિ યોજના' (MKKN) શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય MBBSમાંઅભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરીપાડવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં આ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યએ ૧૯,૭૭૬ તેજસ્વી વિદ્યાર્થિનીઓને ૫૭૩.૫૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં મેડિકલ શિક્ષણ લેતી ૪,૯૮૨ વિદ્યાર્થિનીઓને ૧૭૧.૫૫ કરોડની સહાય આપવામાં આવી છે. મહિલા સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટેના રાજ્ય સરકારે લીધેલા અનેકવિધ પગલાંને પરિણામે રાજ્યના મહિલા સાક્ષરતા દરમાં પણ વધારો થઈ રહ્યો છે. સંસ્કારી અને સુસંસ્કૃત સમાજનું નિર્માણ શિક્ષીત નારી દ્વારા જ સંભવ બને છે. ગુજરાત સરકારે રાજ્યની મહિલાઓના શૈક્ષણિક સશક્તિકરણ દ્વારા આર્થિક સશક્તિકરણના દ્વાર ખોલ્યા છે.

મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે લોકસભામાં સંસદ સભ્ય તરીકે ના શપથ લીધા



કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ.

જનસેવક તરીકે ૩.૨૮ લાખ જંગી જનમત થી જીતેલા સાંસદ શ્રીએ અધ્યક્ષાસમક્ષ સંસદ તરીકેના શપથ ગ્રહણ કર્યા. મહેસાણા જિલ્લામાટે ઐતિહાસિક અને ગૌરવ ભરીક્ષણ અનુભવતા શ્રીહરિભાઈ પટેલ મહેસાણા ૨૪ મી જુન ૨૦૨૪ સોમવાર જન સેવક તરીકે જંગી બહુમતીથી ૩.૨૮ લાખની લીડ થી જીતેલા મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે આજરોજ દિલ્હી સંસદ ભવનમાં સાંસદ તરીકે અધ્યક્ષ શ્રી ફગ્ગન સિંઘ ફૂલસ્તેની ગરિમામય ઉપસ્થિતિમાં સાંસદ તરીકેના શપથ ગ્રહણ કર્યા હતા. શ્રી હરિભાઈ પટેલે ઈશ્વરની સાક્ષી એ સંસદ સભ્ય તરીકે લઈને ભારતની પ્રભુતા અને અખંડિતતા અક્ષુણ રાખવા તેમજ જે પદ ને ગ્રહણ કર્યું છે તેને શ્રદ્ધાપૂર્વક નિભાવવા માટેના સોગંદ લીધા હતા. જનતાજનાર્દનના આર્શીવાદ તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો કાર્યકરો અને ટીમના આર્શીવાદ સહકાર ના પગલે લોકસભાના સાંસદ તરીકે શપથ લેવાનીઅને ફરજ બજાવવાની આ ઐતિહાસિક અને ગૌરવ ભરી ક્ષણનો અનુભવ કરતા શ્રી હરિભાઈ પટેલેસંસદ સભ્ય તરીકે નીફરજો નિભાવવાની પ્રતિ બદ્ધતા દાખવી હતી. ઉલ્લેખનીય છે કે જનપ્રતિનિધિ તરીકે મહેસાણા જિલ્લામાંવિવિધ લોક સેવાના કાર્યો કરતાશ્રી હરિભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીમાં એક વિશેષ સ્થાન બનાવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનોના માર્ગદર્શન અને દોરી ચીંધે સેવા કાર્યો અને વિકાસકાર્યો કરનારા શ્રી હરિભાઈ કાર્યકરો અને ભાજપ ટીમનો પણ સતત સહકાર અને સહયોગ મેળવતા રહ્યા છે. મહેસાણા જિલ્લા પંચાયતમાં વર્ષ ૨૦૨૩ ૨૪ કારોબારી અધ્યક્ષ તરીકે ફરજ બજાવ્યા બાદ પણ તેઓ અવિરત રીતે વિવિધ જનસેવાલક્ષી વિકાસ કામો અને પ્રશ્નો પ્રત્યે સતત પ્રજાની પડખે ઉભા રહીને લોક સેવાના કામો કરતા રહ્યા છે. જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં શ્રી હરિભાઈ જનતાનો અવાજ બનીને સરકારમાં પ્રજાના કામોને સહકાર કરતા રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા પદ અપાયું હોય તો પણ અને પદ ના અપાયું હોય તોપણ હંમેશા પાર્ટીના હિતમાં જનસેવાના વિકાસમાં મુક સેવક બનીનેતેઓ રાતદિવસ જોયા વગર સતત કામ કરે રાખે છે અને એનાકારણે જતેઓ જંગી એટલે કે ૩.૨૮ લાખની જંગી લીડ થી જનતાએ તેમને જીતાડ્યા છે. પ્રાથમિક સુવિધા ના પ્રશ્નો હોય કે સમસ્યાઓ હોય મહેસાણાની જનતાએ હરિભાઈ પર આંખ મૂકીને વિશ્વાસ કર્યો છે. જેને સાબિત કરવાની તક કુદરતે અને પાર્ટીએ તેમને આપીઅને જનસેવક તરીકે મહેસાણા લોકસભાના સાંસદ બનવાનું તેમને સૌભાગ્ય સાંભળ્યું છે ત્યારે તેઓ આ ઐતિહાસિક અને ગૌરવ વંતી ક્ષણને યાદ કરી સૌનું ઋણ સ્વીકારતા વધારે ને વધારે જનસેવાના કાર્યો કરશે અને જન પ્રતિનિધિ તરીકે વિકાસ કામોને વધુ વેગ આપશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028